# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-01-2026** **Morning: 7.45 TO 7.55 AM**
**Day : TUESDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.**

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારત ઉર્જા સપ્તાહ ના ચોથા 2026તબક્કાનું ઉદ્ઘાટન કરશે
2) યુરોપિયન સંઘ અને ભારત વચ્ચે આજે સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી પર હસ્તાક્ષર થશે.
3) સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ બજેટ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક બોલાવી
4) નવી દિલ્હી ખાતે છ દિવસીય રાષ્ટ્રીય સંસ્કૃતિ અને પર્યટન મહોત્સવ ભારત પર્વ નું ઉદ્ઘાટન2026
5) ક્રિકેટમાં, U-19 વર્લ્ડકપ 2026 ના સુપર સિક્સ તબક્કામાં ભારત આજે ઝિમ્બાબ્વે સામે રમશે

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# INDIA ENERGY WEEK GOA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી દક્ષિણ ગોવામાં યોજાઈ રહેલા ભારત ઊર્જા સપ્તાહ 2026 ના ચોથા સંસ્કરણનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે.

ઉદ્ઘાટન પછી, પ્રધાનમંત્રી પ્રતિનિધિઓને વર્ચ્યુઅલી સંબોધન પણ કરશે. ભારત ઊર્જા સપ્તાહનો મુખ્ય ઉદ્દેશ્ય ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવા , રોકાણને પ્રોત્સાહન આપવા અને કાર્બન ઘટાડા માટે વ્યવહારુ , વ્યાપકપણે લાગુ પડતા માર્ગો વિકસાવવાનો છે સાંભળીએ એક અહેવાલ...

(BYTE - MAHESH-CHOPADE)

. . . . . . . . . .

# EU

યુરોપિયન સંઘ- EU ના ઉપપ્રમુખ કાજા કલ્લાસે જાહેરાત કરી હતી , ભારત અને યુરોપિયન યુનિયન આજે સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી પર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરશે.

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો લુઈસ સાન્તોસ દા કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન ભારતની મુલાકાતે છે અને 77મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાનો હતા. બંને નેતાઓ આજે 16મા ભારત- યુરોપિયન સંઘ- EU સમિટનું સહ-અધ્યક્ષતા પણ કરશે. શ્રીમતી કલ્લાસે જણાવ્યું હતું કે ભારત અને યુરોપિયન સંઘ- EU ગાઢ સહયોગ તરફ આગળ વધી રહ્યા છે, જેનો ફાયદો યુરોપિયન સંઘ- EU ને થઈ રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે વધતા સંબંધોના પ્રતીક તરીકે , યુરોપિયન સંઘ- EU નૌકાદળના કર્મચારીઓ, એટલાન્ટા અને એસ્પાઇડ્સે પ્રથમ વખત પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# EU-INDIA FTA

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું છે કે ભારત અને યુરોપિય સંઘ- EUએ પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર- FTA માટે સત્તાવાર સ્તરની વાટાઘાટો પૂર્ણ કરી છે. આ કરારની જાહેરાત આજે EU-ભારત શિખર બેઠક દરમિયાન કરવામાં આવશે. આ કરારથી દ્વિપક્ષીય વેપારને વેગ મળશે અને બંને દેશો વચ્ચે આર્થિક સંબંધો મજબૂત થશે. શ્રી અગ્રવાલે કહ્યું કે ભારતીય દ્રષ્ટિકોણથી વેપાર કરાર સંતુલિત અને ભવિષ્યલક્ષી છે, જે EU સાથે ભારતના વધુ સારા આર્થિક એકીકરણમાં મદદ કરશે.

આ કરાર કાપડ , રસાયણો, રત્નો અને ઝવેરાત અને ફૂટવેર જેવા શ્રમ-સઘન ક્ષેત્રોમાંથી સંખ્યાબંધ ભારતીય ઉત્પાદનોને વેરા મુક્ત પોંહચ પ્રદાન કરશે.

FTA ઉપરાંત, બંને દેશો રોકાણ સુરક્ષા અને ભૌગોલિક સંકેતો – GI અંગે પણ વાટાઘાટો કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2024-25માં EU સાથે ભારતનો માલસામાનનો દ્વિપક્ષીય વેપાર 136.53 બિલિયન ડોલર હતો.

. . . . .

# ALL PARTY MEETING

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ , આજે સવારે 11 વાગ્યે બજેટ સત્ર પહેલા મુખ્ય રાષ્ટ્રીય મુદ્દાઓ અને કાયદાકીય કાર્યોની ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવી છે.

આ બેઠક મુખ્ય સમિતિ ખંડમાં યોજાશે અને તેનો હેતુ કાયદાકીય કાર્યોને સુવ્યવસ્થિત કરવાનો અને સત્રમાં ઉદભવતા મુખ્ય રાષ્ટ્રીય મુદ્દાઓનું સંચાલન કરવાનો છે. સત્રનો પ્રથમ તબક્કો , જે કાલથી શરૂ થશે અને 2 એપ્રિલ સુધી ચાલશે , તે કાલથી 13 ફેબ્રુઆરી સુધી યોજાશે.

બીજો તબક્કો 9 માર્ચથી 2 એપ્રિલ સુધી ચાલશે. બજેટ સત્રમાં 30 બેઠકો હશે , અને કેન્દ્રીય બજેટ 2026-27 પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ લોકસભા અને રાજ્યસભા બંનેના સભ્યોને સંબોધિત કરીને સત્રનું ઔપચારિક ઉદ્ઘાટન કરશે.

. . . . . . . .

# BHARAT PARV

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતે છ દિવસીય રાષ્ટ્રીય સંસ્કૃતિ અને પર્યટન મહોત્સવ ભારત પર્વ 2026નું ઉદ્ઘાટન કર્યું છે. આ કાર્યક્રમ દરમિયાન , ગઈકાલે, શ્રી બિરલાએ કહ્યું કે આ મહોત્સવ ભારતના સાંસ્કૃતિક વારસાને મજબૂત બનાવવા માટે એક મંચ તરીકે સેવા આપશે. તેમણે કહ્યું કે આ મહોત્સવ દ્વારા લોકો વિવિધ રાજ્યો અને પ્રદેશોની સંસ્કૃતિના સાક્ષી બનશે. શ્રી બિરલાએ ઉમેર્યું કે આ પહેલ રાષ્ટ્રની પર્યટન સંભાવના વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

(બાઇટ -- ઓમ બિરલા)

આ પ્રસંગે બોલતા, સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે નોંધ્યું હતું કે આ મહોત્સવ દ્વારા મુલાકાતીઓ દેશની પરંપરાઓ , લોક કલા, હસ્તકલા, ભોજન અને પર્યટન સ્થળોની ઊંડી સમજ મેળવશે , જેનાથી લોકોનો રાષ્ટ્રના વારસા સાથેનો સંબંધ મજબૂત થશે.

આ કાર્યક્રમમાં 34 રાજ્ય પ્રવાસન પેવેલિયન અને 24 કેન્દ્રીય મંત્રાલયના સ્ટોલ અને દેશભરની અગ્રણી સંસ્થાઓ અને સંગઠનો ભાગ લેશે.

. . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ ગાંધીનગરના અડાલજમાં 'સમૈયો મહોત્સવ'માં ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે શિક્ષાપત્રી લેખનના 200 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જમીયતપુરા રોડ પર પર્વ મેદાન ખાતે આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રીના આગમનને પગલે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવાયો છે.

..................

# AMERIKA PLANE CRASH

અમેરિકાના મૈને સ્થિત બાંગોર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બરફના તોફાનમાં એક ખાનગી વિમાન ક્રેશ થયું હતું , જેમાં સાત લોકો માર્યા ગયા હતા અને એક ક્રૂ મેમ્બર ગંભીર રીતે ઘાયલ થયો હતો.

આ વિમાન હ્યુસ્ટન સ્થિત લિમિટેડ કોર્પોરેશનમાં નોંધાયેલું છે. આ ઘટના ત્યારે બની જ્યારે અમેરિકાના મોટા ભાગમાં બરફના તોફાનના કારણે ઘણા લોકો માર્યા ગયા છે અને લાખો ઘરોમાં વીજપ્રવાહ ખોરવાયો ગયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ક્રેશ પહેલા એરપોર્ટ પર પાઇલટ્સને દૃશ્યતાની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# US BOARD OF PIECE

વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે , અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બોર્ડ ઓફ પીસમાં જોડાવા માટે 20 વધુ દેશોએ સહી કરી છે , જોકે તેમણે નામો જાહેર કર્યાં નથી.

બોર્ડ ઓફ પીસ, જે મૂળરૂપે બે વર્ષ માટે ગાઝાના સંચાલનની દેખરેખ રાખવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા ફરજિયાત હતું , હવે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વિશ્વના અન્ય ભાગોમાં સંઘર્ષોને સંબોધવા માટે આ પહેલનું સ્થાન આપવામાં આવી રહ્યું છે, કેટલાક પશ્ચિમી દેશોના વિરોધ છતાં , સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ને બાજુ પર રાખવા અંગે અસ્વસ્થતા.

પ્રશાસનના અધિકારીઓએ જણાવ્યું હતું કે લગભગ 35 દેશોએ જોડાવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, જ્યારે 60 ને આમંત્રણો મળ્યા હતા, ટ્રમ્પે સૂચવ્યું હતું કે આ સંસ્થા રાષ્ટ્રીય સંઘ દ્વારા નિયુક્ત ભૂમિકાઓ સંભાળી શકે છે. બ્રિટન સહિત ઘણા યુરોપિયન સાથીઓએ ભાગ લેવાનો ઇનકાર કર્યો હતો , વિસ્તૃત આદેશ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સમાવેશ અંગે ચિંતાઓનો ઉલ્લેખ કર્યો હતો.

. . . . . . . . .

# US TERRIF SOUTH KORIA

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દક્ષિણ કોરિયાથી આવતા સમાન પર ટેરિફ ૧૫ ટકાથી વધારીને ૨૫ ટકા કરવાની જાહેરાત કરી છે. તેમણે કોરિયન સંસદ દ્વારા વેપાર કરાર પસાર કરવામાં નિષ્ફળતાનો ઉલ્લેખ કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે જણાવ્યું હતું કે વધેલા ટેરિફ ઓટોમોબાઇલ્સ , લાકડા, ફાર્માસ્યુટિકલ્સ અને અન્ય પરસ્પર લાદવામાં આવેલા ટેરિફ વસ્તુઓ પર લાગુ થશે. જોકે , સુધારેલા ટેરિફ અમલમાં આવશે કે કેમ તે તાત્કાલિક સ્પષ્ટ નથી.

આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે દક્ષિણ કોરિયા અમેરિકા આયાતનો મુખ્ય સ્ત્રોત છે. ૨૦૨૪ માં , દક્ષિણ કોરિયાએ અમેરિકાને ૧૩૨ બિલિયન અમેરિકન ડોલરના ઉત્પાદનો નિકાસ કર્યા હતા , જેમાં ઓટોમોબાઇલ્સ , સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સનો સમાવેશ થાય છે, જેની કિંમતો હવે વધી શકે છે.

. . . . . . . . . . . . . . . . .

# U-19 WORLD CUP CRICKET

ક્રિકેટમાં, U19 વર્લ્ડ કપ 2026 ના સુપર સિક્સ તબક્કામાં ભારત આજે ઝિમ્બાબ્વે સામે રમશે.

આ મેચ ભારતીય સમય મુજબ આજે બપોરે એક વાગ્યે શરૂ થશે. ઝિમ્બાબ્વે અંડર-૧૯ ટીમ પડકારજનક ગ્રુપ સ્ટેજ પછી સુપર સિક્સમાં પ્રવેશી છે , જેમાં બે મેચમાં પરાજય અને એક મેચ અનિર્ણિત રહી. બીજી તરફ , ભારત અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અપરાજિત રહી છે , ગ્રુપ સ્ટેજ દરમિયાન અમેરિકા , બાંગ્લાદેશ અને ન્યુઝીલેન્ડ પર વિજય મેળવ્યો છે.

. . . . . . . . . . . . . . . . .